# રસ્તો બન્યા વગર ગ્રામ સડક યોજનાનું બોર્ડ લાગી ગયું

**નવસારી** જિલ્લાના મોલધરા ગામમાં ૯ મહિનામાં કામ પૂર્ણ થવાની મુદ્દત હોવા છતાં હજી સુધી રસ્તો નહીં બનતા ગ્રામજનોમાં રોષ

**જિલ્લા** પંચાયતના માર્ગ-મકાન વિભાગ દ્વારા ઈજારદાર ગાંધી રોડ બિલ્ડર્સ પાસેથી કામ લેવામાં આવ્યું જ નથી




### જિલ્લા કક્ષાએ ઘણી વખત રજૂઆત કરી છતાં રસ્તો બનાવ્યો નહીં : સરપંચ

નવસારી : મોલધરા ગામના સરપંચ કેતનભાઈ રાઠોડે જણાવ્યું હતું કે, મોલધરાથી ધારાગીરી સુધી રસ્તો બનાવવાનું કામ મંજુર કરાયું હતું. પણ રસ્તો હજી સુધી બનાવ્યો નથી. જેથી જિલ્લા પંચાયતના શાસકો અને અધિકારીઓને ઘણી વખત રજૂઆત કરી હતી. પરંતુ તેઓએ રસ્તો બનાવ્યો નથી. હમણાં રસ્તો બનાવ્યા વગર જ બોર્ડ લગાવી દેવામાં આવ્યું છે જે પ્રક્રિયા વિરુદ્ધ છે. જ્યાં સુધી રસ્તો ન બને ત્યાં સુધી બોર્ડ લગાવવામાં નહી આવે. રસ્તો બનાવ્યા બાદ ગ્રામપંચાયત પાસેથી રીપોર્ટ મંગાવવામાં આવે છે. તે રીપોર્ટ પણ મંગાવવામાં આવ્યો નથી.

નવસારી : મોલધરા ગામે કરોડોના ખર્ચે રસ્તો બનાવવાનું કામ મંજુર થયું હતું. પરંતુ રસ્તો બનાવવાનું કામ પૂર્ણ કરવાની મુદ્દત થોડા દિવસોમાં પૂર્ણ થવા પર છે. ત્યારે નવસારી જિલ્લા પંચાયતના માર્ગ-મકાન વિભાગ દ્વારા રસ્તો બનાવ્યા વિના જ મુખ્યમંત્રી ગ્રામ સડક યોજનાનું બોર્ડ લગાવી દીધું છે. જેથી ગ્રામજનોમાં તંત્ર સાથે ભારે રોષ જોવા મળ્યો છે.

નવસારી જિલ્લામાં આવેલા ગામોમાં મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ પાકા રસ્તાઓ બનાવવામાં આવી રહ્યા છે. જોકે ઘણા ગામોમાં પાકા ડામરના રસ્તાઓ તેમજ આર.સી.સી.ના રસ્તાઓ બની ચુક્યા છે. ગ્રામપંચાયત વિસ્તારમાં ૫ લાખ રૂપિયાની કિંમતમાં બનતા રસ્તાઓનું ચુકવણું ગ્રામપંચાયત દ્વારા જ કરવામાં આવે છે. જ્યારે 5 લાખ કરતા વધુની કિંમતના કામો તાલુકા કે જિલ્લા કક્ષાએથી મંજુર કરી તેમની દેખરેખ હેઠળ કરવામાં આવે છે.

નવસારી જિલ્લા પંચાયત દ્વારા મોલધરાથી ધારાગીરી સુધીનો 2.70 કિ.મી. નો રસ્તો બનાવવાનું કામ મંજુર કરવામાં આવ્યું છે. જેથી જિલ્લા પંચાયતના માર્ગ-મકાન વિભાગ દ્વારા ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવી હતી. જેમાં નવસારીના ગાંધી રોડ બિલ્ડર્સને 1,02,50,000 રૂપિયામાં આ રસ્તાનું કામ સોપવામાં આવ્યું હતું. જેમાં સફાઈ કામ, 900 એમ.એમ. પાઈપ સી.ડી. વર્ક, જી.એસ.બી.-1 અને 2, ડબ્લ્યુ.એમ.એમ., બી.બી.સી, કારપેટ, સીલકોટ, આસ્ફાલ્ટ પેઈન્ટીંગ, રોડ ફર્નિચર, ટ્રાફિક એન્ડ રોડ સેફ્ટી તેમજ સાઈડ સોલ્ડર વગેરેના કામો કરવાની મંજુરી અપાઈ હતી. જોકે આ કામ ગત ૧લી ઓક્ટોબર 2023 શરુ કરવાનું અને આગામી 30મી જુન 2024 સુધીમાં પૂર્ણ કરવાની મુદ્દત હતી.

મોલધરાથી ધારાગીરી ગામ તરફ જતો રસ્તો ઈજારદાર ગાંધી રોડ બિલ્ડર્સ દ્વારા આપેલા સમય મુજબ શરુ કરવામાં આવ્યું જ ન હતું. હજી સુધી આ રસ્તો બનાવવાનું કામ શરુ થયું નથી. ત્યારે આ રસ્તો બનાવવાના કામની મુદ્દત પણ આગામી 30મી જુને પૂર્ણ થાય છે. પરંતુ નવસારી જિલ્લા પંચાયતના માર્ગ-મકાન વિભાગ દ્વારા કોન્ટ્રાક્ટર પાસેથી કામ લેવામાં આવ્યું જ નથી. રસ્તો બનાવ્યો ન હોવા છતાં આ રસ્તાની માહિતી દર્શાવતું બોર્ડ તંત્ર દ્વારા લગાવી દેવામાં આવ્યું છે. જેના કારણે ગામજનોમાં ભારે રોષ ફેલાયો છે.

## દમણમાં દરિયાના મોજાં ઊંચે સુધી ઉછળતા પર્યટકોએ મઝા માણી



દમણ : સંઘપ્રદેશ દમણના દેવકા બીચ પર ઊંચા ઉછળતા મોજાં વચ્ચે પ્રદેશની સહેલગાહે આવતા પર્યટકો નમો પથ પર આનંદ ઉઠાવતા જોવા મળ્યા હતા. ઉનાળુ વેકેશન પૂરું થવા જઈ રહ્યું હોય અને શાળાઓ ખુલી રહી હોય, ત્યારે દમણમાં વેકેશનના અંતમાં પર્યટકો દમણના જામપોર, રામસેતુ રસ્તા અને નાનીદમણના દેવકા નમોપથ પર પર્યટકો જોવા મળ્યા હતા. ત્યારે દરિયામાં વધતા કરંટને લઈને નાનીદમણના મરવડ પાસે નમોપથ પર દરિયાના ઊંચા ઉછળતા મોજા દીવાલમાં જોરદાર ટકરાતાં મોજાનું પાણી નમોપથ પર ફેલાતા પર્યટકોમાં આનંદ છવાઈ જતા ઉછળતા મોજાંની મઝા માણી હતી. જોકે, વલસાડ, ઉમરગામ અને નારગોલ સહિતના દરિયા કિનારે સહેલાણીઓને દરિયામાં જવા પર પ્રતિબંધ છે, ત્યારે દમણના દરિયા કિનારે આવી કોઈ સૂચના જાહેર ન થતા અમુક પર્યટકો બિન્દાસ્ત કિનારે મોજ મસ્તી કરતા પણ જોવા મળ્યા હતા.

## બીલીમોરાના યુવાનને રેલવેમાં નોકરીના બહાને છેતરનાર પ્રમુખ રિશિદા યુ.પી.થી ઝડપાઈ

**તપસ્યા** નારી સેવા સમિતિ ચેરીટેબલ ટ્રસ્ટની પ્રમુખ ટ્રસ્ટના અધ્યક્ષ તેમજ અન્યો 31.47 લાખ ચાઉ કરી ગયા હતા

નવસારી : બીલીમોરાના બે યુવાનોને રેલવેમાં સરકારી નોકરી અપાવવાના બહાને 31.47 લાખ ચાઉ કરી જનાર નવસારીની તપસ્યા નારી સેવા સમિતિ ચેરીટેબલ ટ્રસ્ટની પ્રમુખ રીશિદા ઠાકુરને પોલીસે યુ.પી.થી ઝડપી પાડી હતી.

ઘેલખડીમાં વિજલપોર પાલિકાની સામે શિવાની રેસીડેન્સીમાં રહેતી રિષિદા રાઠોડ તપસ્યા નારી સેવા સમિતિ ચેરીટેબલ ટ્રસ્ટની પ્રમુખ છે. રિશિદા ઠાકુરને ટ્રસ્ટના અધ્યક્ષ તેમજ અન્યો સાથે મળી બીલીમોરાના બે યુવાનોને રેલવેમાં નોકરી અપાવવાના બહાને 31,47,815 રૂપિયા ચાઉ કરી ગયા બાદ પોલીસ ફરિયાદ નોંધાતા ટોળકી ભૂગર્ભમાં જતી રહી હતી. દરમિયાન નવસારી લોકલ ક્રાઈમ બ્રાન્ચ પોલીસને રિશિદા ઠાકુર ગ્રેટર નોઈડામાં રહેતી હોવાનું જાણવા મળ્યું હતું. જેથી પોલીસે યુ.પી. જઈ ગુપ્ત રાહે તપાસ કરતા રિશિદા ઠાકુર ત્યાં જ રહેતી હોવાનું જણાઈ આવતાં પોલીસે રિશિદા ઠાકુરને ઝડપી પાડી આગળની તજવીજ હાથ ધરી છે.




## ડાંગ જિલ્લામાં સતત ચોથા દિવસે વાદળછાયા વાતાવરણ વચ્ચે ઝરમરીયો વરસાદ

સાપુતારા : ડાંગ જિલ્લામાં સતત ચોથા દિવસે પણ ઝરમરીયા સ્વરૂપેનો વરસાદ વરસતા સમગ્ર ડાંગ જિલ્લામાં ઠંડક પ્રસરી જવા પામી હતી. હાલમાં ડાંગ જિલ્લામાં વરસાદનું આગમન થઈ રહ્યું હોય તેવું જણાઈ રહ્યું છે. ડાંગ જિલ્લાનાં આહવા, વઘઈ, સુબિર, સાપુતારા સહિત પૂર્વપટ્ટી અને સરહદીય પંથકોમાં સતત ચોથા દિવસે ઝરમરીયો વરસાદ વરસ્યો હતો. ડાંગ જિલ્લામાં સતત ચાર દિવસથી વાતાવરણમાં પલટો આવતી ચોમાસાની ઋતુની અનુભૂતિ થઈ રહી છે. ગિરિમથક સાપુતારામાં વાતાવરણનાં પલટા બાદ વરસાદ વરસતા જોવાલાયક સ્થળોનું વાતાવરણ આહલાદક બની જવા પામ્યુ હતુ. આહલાદક વાતાવરણનાં પગલે ફરવા આવેલ પ્રવાસીઓનો ઉન્માદ પણ બેવડાયો છે.

## પાટીલને કેન્દ્રીય મંત્રીમંડળમાં સ્થાન મળતાં નવસારીને પણ પહેલી વખત જ કેન્દ્રીય મંત્રી મળ્યા

**સીઆર** પાટીલની નવસારી બેઠકમાં સુરતની ચારની સાથે નવસારી જિલ્લાની પણ ૩ વિધાનસભા સામેલ છે



નવસારીઃ નવસારી લોકસભા બેઠક પરથી સતત ચોથી વખત ચુંટાયેલા સી.આર.પાટીલને કેબિનેટ કક્ષાનું પ્રધાનપદું મળ્યું છે. સી.આર.પાટીલ પહેલી વખત જ મંત્રી મંડળમાં સ્થાન પામ્યા છે અને સીધું કેબિનેટ કક્ષાના મંત્રી બન્યા છે, તો નવસારીને પણ પહેલી જ વખત મંત્રી મંડળમાં સ્થાન મળ્યું છે.

નવસારી લોકસભા બેઠક 2008ના સીમાંકન બાદ અસ્તિત્વમાં આવી હતી. નવસારી બેઠક પર પહેલી ચૂંટણી 2009માં યોજાઈ હતી. એ વખતથી જ સી.આર.પાટીલ નવસારી બેઠક પર ભાજપના ઉમેદવાર તરીકે જીતતા આવ્યા છે. હાલમાં યોજાયેલી લોકસભાની ચૂંટણીમાં તેઓ ચોથી વખત ચુંટાઈ આવ્યા હતા.

2019ની ચૂંટણીમાં તેઓ દેશમાં સૌથી વધુ સરસાઈથી વિજયી થયા હતા. આ વખતે રાજ્યમાં સૌથી વધુ સરસાઈથી ચુંટણી જીત્યા હતા. સીઆર પાટીલની મોદી સરકારમાં થયેલી પસંદગીને પગલે નવસારી લોકસભા મતવિસ્તારમાં આનંદની લહેર ફરી વળી છે.

# મહિલા તબીબે બે મહિલાને પ્રસુતિ બાદ CHCમાંથી તગેડી મૂકી

**આહવાના** શામગહાન સી.એચ.સીની મહિલા ડોક્ટરે પ્રસુતા માતાને નવજાત બાળકો સાથે વરસતા વરસાદમાં કાઢી મુકતા ચકચાર



સાપુતારા : ડાંગ જિલ્લાનાં શામગહાન સી.એચ.સીમાં ફરજ બજાવતી મહિલા ડોક્ટરે ભાન ભૂલી માતાની ગરિમાને લજવી છે. શામગહાન સીએચસીની તબીબ ખુશ્બુ ટંડેલે મનસ્વી વલણ અખત્યાર કરી ગરીબ આદિવાસી દર્દીઓ સાથે અમાનુષ વર્તન કરી રહી હોવાની રાવ સ્થાનિકો કરી રહ્યા છે. ગતરોજ તા. 09/06/24નાં રોજ સંગીતા રાહુલભાઈ ગાવિત (ઉ 24 .રહે શામગહાન) અને તુળશી સંદીપભાઈ મહવરે (રહે નડગચોંડ તા.વઘઇ)ને પ્રસુતિની પીડા થતા 108 એમ્બ્યુલન્સ મારફત શામગહાન સીએચસીમાં દાખલ કર્યા હતા. બાદમાં બન્ને મહિલાઓની બપોરે 3 વાગ્યે નોર્મલ પ્રસુતિ થઈ હતી, અને બાળકોને જન્મ આપ્યો હતો. પરંતુ સીએચસીની મહિલા ડોક્ટર ખુશ્બૂ ટંડેલે પ્રસૂતા મહિલાઓને દવા કે સારવાર આપવાની તસ્દી પણ લીધી ન હતી. જેના કારણે સંગીતાબેનને અશક્તિ આવી જતા ચક્કર ખાઈ પડી ગઇ હતી. ત્યારબાદ તબીબ ડો ખુશ્બૂ ટંડેલે બન્ને પ્રસૂતા મહિલાઓને 108 બોલાવી કારણ જણાવ્યા વગર સાપુતારા પીએચસીમાં મોકલી દેતા વરસતા વરસાદ વચ્ચે પ્રસૂતાઓ નવજાત બાળકો સાથે સાપુતારા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે ખસેડતા દર્દીઓ સહીત તેમના પરિવારની કફોડી સ્થિતિ સર્જાઈ હતી. બાળકોને જન્મ આપ્યા બાદ મહીલાઓની હાલત નાજુક હોવા છતાંય મહિલા ડોક્ટરે તેઓને રઝળપાટ કરવા માટે મૂકી દીધી હતી.

### કલેક્ટરે તંત્રને કડક સૂચના આપી

જોકે જાગૃત આગેવાને સમગ્ર બનાવની જાણ કરતા કલેક્ટર એમ.આઈ. પટેલે તંત્રને કડક સૂચના આપતા સફાળા જાગેલા ડોક્ટરે બન્ને પ્રસૂતા મહિલાઓને ફરીથી શામગહાન સીએચસી ખાતે રીફર કર્યા હતા.

### સમગ્ર બાબતની તપાસ હાથ ધરાશે

શામગહાન સીએચસી હોસ્પિટલનાં અધિક્ષક ડો સુરેશ પવારે જણાવ્યુ હતુ કે કોઈપણ દર્દી સીએચસીમાં દાખલ થાય તો તે સાજો થાય ત્યાં સુધીની સંપૂર્ણ જવાબદારી સીએચસીની હોય છે, કથિત પ્રસૂતા મહિલાઓને ક્યાં કારણથી પીએચસી ખાતે ખસેડવામાં આવ્યા હતા તેની મને જાણ નથી, આ સમગ્ર બાબતની તપાસ હાથ ધરી કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

# ટેક્ષી પાસિંગની સંખ્યા મુજબ જ વિદ્યાર્થીઓને બેસાડો નહીં તો દંડનીય કાર્યવાહી

**ચીખલીમાં** શાળા સંચાલકો, વાહન ચાલકો-માલિકો સાથેની બેઠકમાં આરટીઓએ સૂચના આપી

**આવનાર** દિવસોમાં વાલીઓને આર્થિક ભારણ વધવાના એંધાણ




### નવસારીના સ્કુલવાન ચાલકોની આરટીઓના નિયમોને હળવા કરવા માંગ



નવસારી : નવસારીના સ્કુલવાન ચાલકોએ આરટીઓના નિયમોને હળવા કરવાની માંગ કરી નવસારી જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર પાઠવ્યું છે. નવસારી સ્કુલવાન ચાલકોએ નવસારી જિલ્લા કલેક્ટરને પાઠવેલા આવેદનપત્રમાં જણાવ્યું હતું કે, સ્કુલ વાહનમાં બાળકને કોઈ નુકશાની ન થાય કે કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે તકેદારી રાખે છે. સ્કુલના વિદ્યાર્થીઓને સ્કુલમાં લઈ જવાનું અને લાવવાનું કામ જ જીવનનો આધાર છે. ત્યારે નવસારી આરટીઓ દ્વારા કેટલાક સખતાઈ ભર્યા પગલા ભરવામાં આવી રહ્યા છે. જેથી નાની સરખી ભૂલ અંતર્ગત આરટીઓ દ્વારા વાહન ડીટેઈન કરવામાં આવે તો વાહન કોર્ટમાંથી મુક્ત કરાવવામાં આર્થિક રીતે પહોંચી શકતા નથી. વાહન ચલાવવાની ગતિ મર્યાદા વધારી આપવા, આરટીઓના નિયમો મુજબ બાળકને બેસાડવાની જે બાળક સંખ્યા નક્કી કરાઈ છે તેમાં રાહત આપવા, ટેક્ષી તથા મેક્ષીનું પાર્સિંગ રદ કરાવવા સહિતની માંગ કરી છે.

ઘેજ : ચીખલીમાં શાળા સંચાલકો, વાહન ચાલકો-માલિકો સાથેની બેઠકમાં પોલીસની ઉપસ્થિતિમાં આરટીઓ દ્વારા ફરજિયાત ટેક્ષી પાસિંગ અને પાસિંગની સંખ્યા મુજબ જ વિદ્યાર્થીઓને બેસાડવાની સૂચના અપાતા આવનાર દિવસોમાં વાલીઓને આર્થિક ભારણ વધવાના એંધાણ વર્તાય રહ્યા છે. ત્યારે વાહન ચાલકો હડતાળનું શસ્ત્ર ઉગામે તો નવાઈ નહી.

ચીખલીની શાળામાં આરટીઓ અધિકારી બી.એમ.ચૌહાણ, ચીખલી પીએસઆઇ-એચ.એસ.પટેલ, એસ.વી.પટેલ સહિતનાઓ દ્વારા શાળા સંચાલકો અને વાહન ચાલકો માલિકો સાથેની બેઠકમાં શાળામાં ફરતા ઇકો, રીક્ષા, બસ સહિતના વાહનો ફરજિયાત ટેક્ષી પાસિંગની સંખ્યા મુજબ જ વિદ્યાર્થીઓને બેસાડવાની સૂચના આપવામાં આવી હતી. આગામી દિવસોમાં ચેકીંગ હાથ ધરી દંડનીય કાર્યવાહીની ચીમકી આપવામાં આવી હતી. ઉપરોક્ત સ્થિતિમાં વાહનોમાં પાસિંગની સંખ્યા મુજબ વિદ્યાર્થીઓ બેસાડવામાં આવશે તેવામાં ભાડાની રકમ વધી જતાં વાલીઓને આર્થિક ભારણ વધશે. બીજી તરફ વાલીઓને જાતે પોતાના બાળકોને મુકવા જવાનું પણ મુશ્કેલ બનશે. જોકે ચીખલી તથા ગામોમાં આવેલી ખાનગી શાળાઓમાં ઇકો, વાન સહિતના અંદાજે ૩૦૦ ની આસપાસ વાહનો ફરે છે. તે વાહનોના ચાલકો માલિકો હડતાળનું શસ્ત્ર ઉગમવાના મૂડમાં હોવાનું જાણવા મળ્યું હતું. અને કેટલીક શાળાઓ કે છેલ્લા એકાદ અઠવાડિયાથી ચાલુ થઈ ગયેલી છે. તેમાં મંગળવારથી જ વાહનો નહીં ફેરવવા માટે શાળા સંચાલકોને જાણ કરી દીધી હોવાનું પણ જાણવા મળ્યું હતું.

જોકે મંગળવારે શાળા સંચાલકો અને વાહનવાળાઓને આરટીઓ કચેરીનું તેંડુ હોય તે બાદ બેઠક યોજી હડતાળ અંગે ચોક્કસ નિર્ણય જાહેર કરશે તેવી હકીકત પણ જાણવા મળી હતી.

# પુસ્તકોનું વેચાણ કરતી નવસારીની શાળાઓ સામે સ્ટેશનરી એસોસિએશનનો વિરોધ

**સ્ટેશનરી** એસો.ના હોદ્દેદારોએ શાળાએ પહોંચી વિરોધ કરી જિલ્લા શિક્ષણાધિકારીને ફરિયાદ કરી

નવસારી : નવસારીમાં શાળામાં પુસ્તકોનું વેચાણ થતું હોવાની માહિતી મળતા જ સ્ટેશનરી એસોસિએશનના હોદ્દેદારો શાળાએ પહોંચી ગયા હતા. જ્યાં પુસ્તકોનું વેચાણ બંધ કરાવી વિરોધ કર્યો હતો. સાથે જ નવસારી જિલ્લા શિક્ષણાધિકારીને ફરિયાદ કરી છે.

નવસારી જિલ્લામાં ખાનગી શાળાઓ સહિતની કેટલીક શાળાઓમાં સ્ટેશનરીનું વેચાણ કરવામાં આવે છે. જેના કારણે સ્ટેશનરી વેપારીઓને નુકશાન થઈ રહ્યું છે. કારણ કે શાળાઓના સંચાલકો વાલીઓને ફરજીયાત શાળામાંથી જ સ્ટેશનરી લેવાની ફરજ પાડી રહ્યા હોવાથી સ્ટેશનરી વેપારીઓ વિરોધ નોંધાવી નવસારી જિલ્લા શિક્ષણાધિકારીને ફરિયાદ કરી હતી. ત્યારે આવનારા થોડા દિવસોમાં શાળા શરુ થવા જઈ રહી છે. જેથી ખાનગી શાળા સહિતની શાળાઓ વાલીઓને સ્ટેશનરી લેવા માટે શાળાએ બોલાવી રહ્યા છે.

આજે નવસારીની એક શાળા દ્વારા વાલીઓને સ્ટેશનરીનું વેચાણ કરવામાં આવી રહ્યું હતું. આ બાબતે સ્ટેશનરી એસોસિએશનના હોદ્દેદારોને જાણ થતા તેઓ શાળાએ પહોંચી ગયા હતા. જ્યાં શાળા દ્વારા વાલીઓને પુસ્તકો વેચવામાં આવી રહ્યા હોવાથી સ્ટેશનરી એસોસિએશનના હોદ્દેદારો વિરોધ કર્યો હતો. જેથી શાળા સંચાલક દ્વારા પુસ્તકનું વિતરણ બંધ કરી દેવામાં આવ્યું હતું. પરંતુ આ બાબતે સ્ટેશનરી એસોસિએશનના હોદ્દેદારોએ નવસારી જિલ્લા શિક્ષણાધિકારીને ફરિયાદ કરી કાર્યવાહી કરવાની માંગ કરી છે.

## ઉમરગામમાં રોડ ક્રોસ કરતા બે યુવાનોને કારે ટક્કર મારતા એકનું મોત

ઉમરગામ : ઉમરગામમાં રોડ ક્રોસ કરી ચાલતા જતા બે યુવાનોને કારે ટક્કર મારતા એક યુવાનનું મોત નિપજવા પામ્યું હતું રવિવારે રાત્રે ધરતી પેટ્રોલ પંપની સામે ઉમરગામથી સંજાણ તરફ જતા મેન રોડ ઉપર ફોર વ્હીલ કારના ચાલકે કાર પુર ઝડપે હંકારી રોડ ક્રોસ કરીને ચાલતા જતા મુકેશ વિશ્વકર્મા (રહે સોનલ એપાર્ટમેન્ટ ડમરૂ વાડી) તથા જયપ્રકાશ (રહે શિવરાજપુર થાના નઈગઢી મધ્યપ્રદેશ)ને ટક્કર મારતા બંનેને રોડ ઉપર ફેંકી દેતા ગંભીર ઈજાઓ પહોંચાડી કારચાલક નાસી ગયો હતો. આ અકસ્માતમાં મુકેશ વિશ્વકર્માનુ મોત નીપજ્યુ હતું. જ્યારે જયપ્રકાશ વિશ્વકર્માને હોસ્પિટલમાં દાખલ કરવામા આવ્યો હતો. આ બનાવની પોલીસ ફરિયાદ સોનુ વિશ્વકર્માએ આપતા પોલીસે કારના ચાલક વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.



## વલસાડમાં ત્રણ મહિનાનો પગાર વધારો નહીં મળતા આશાવર્કરોની રજુઆત

વલસાડ : વલસાડ જિલ્લામાં ફરજ બજાવતી આશાવર્કર અને આશા ફેસિલીટેટરોએ સોમવારે ત્રણ મહિનાનો પગાર વધારો બાકી સહિત વિવિધ પડતર માંગણીઓ સંદર્ભે રેલી કાઢી જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપ્યું હતું.

કપરાડા તાલુકાની આશાવર્કર અને આશા ફેસિલીટેટર બહેનોના પણ ઓક્ટોબર, નવેમ્બર, ડિસેમ્બર 2023-24નો ત્રણ માસનો 50 ટકા વધારો બાકી છે. આવેદનપત્રમાં જણાવ્યા મુજબ જાન્યુઆરી 2024થી માર્ચ એમ ત્રણ મહિના સુધીનો 50 ટકા વધારો ચૂકવવામાં આવ્યો નથી. કર્મચારીઓના યુનિફોર્મ લાંબા સમય સુધી જિલ્લા કક્ષાએ મૂકી રાખ્યા બાદ પણ મળ્યા નથી. ફેસિલીટેટર બહેનોને જિલ્લામાં બોલાવી સાડી આપવામાં આવી, આશા વર્કરોએ વાહનનું ભાડું ચૂકવ્યું હતું, યુનિફોર્મ સિલાઈના પૈસા મળ્યા નથી, પીએમજેવાય કાર્ડ બનાવ્યા છે, તે પૈસા પણ હજુ મળ્યા નથી.